ઇ-મેઇલ દ્વારા

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષક ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૪૧૬/૨૨, તા.૧૮/૦૭/૨૦૨૨

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૧૧/૦૭/૨૦૨૨ થી તા.૧૭/૦૭/૨૦૨૨ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.

૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.

૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.

૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.

૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.

૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.

૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.

૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.

૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.

૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.

૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.

૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.

૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.

૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.

૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( સફિન હસન )**

**મદદનીશ પોલીસ અધિક્ષક**

I/C નાયબ પોલીસ અધિક્ષક

મુખ્ય મથક અને નોડલ ઓફીસર

ભાવનગર

# BHAVNAGAR DISTRICT POLICE

**એક્ટીવા મોટર સાયકલની ચોરી કરનાર ઇસમોને ગણતરીના સમયમાં પકડી પાડતી ભાવનગર પોલીસ**



પકડાયેલ આરોપી | રીતેનબંધુ ચીરંતનબંધુ અંધારીયા | અનસભાઈ રહીમભાઈ બેલીમ

ગઇકાલ તા.૧૩/૦૭/૨૦૨૨ ના બપોરના સમયે ફરીયાદી શ્રી આકાશભાઇ દોલતરામ ચંદાનાણીએ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ કે ગઇ તા.૨૯/૦૬/૨૦૨૨ ના રાત્રીના પોણા બાર થી સવા બાર વાગ્યા આસપાસ તેમની માલીકીની હોન્ડા કંપનીની એકટીવા તેમના ઘર બહાર પાર્કિંગ માંથી કોઇ ચોરી કરી લઇ ગયેલ છે. જે અનુસંધાને ઘોઘારોડ પોલીસ સ્ટાફે તરત જ બનાવ સ્થળે પહોંચી અલગ અલગ ટીમો બનાવી ભાવનગરની ત્રીજી આંખ નેત્રના કેમેરા/ટેકનીકલ ટીમ તથા ઘોઘારોડ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. એસ.વાય.સૈયદની ટીમની સંચોટ માહીતી આધારે ચોરીમાં ગયેલ મોટર સાયકલ એક્ટીવા સાથે બે આરોપીઓને ૨૪ કલાક થતા પહેલા પકડી પાડેલ છે.

SP Bhavnagar | sp_bhavnagar | SPBhavnagar

POLICE EMERGENCY 100 | WOMEN HELPLINE 181 | POLICE CONTROL ROOM 0278 2520250 | CYBER CRIME HELPLINE 1930

# ભાવનગર જીલ્લા પોલીસ



**પોકેટકોપ મોબાઇલની મદદથી નિલમબાગ પો.સ્ટે.નો ગુન્હો ડિટેક્ટ કરતી ભાવનગર પોલીસ.**



ભાવનગર એસ.ઓ.જી.ને મળેલ બાતમી આધારે ભાવનગર નિર્મળનગર માધવરત્ન કોમ્પ્લેક્ષ પાસેથી મિતેશભાઇ હિંમતભાઇ ડોડીયા શંકાસ્પદ રજીસ્ટ્રેશન કાગળો વિનાના એકસસ સ્કુટર, નંબર પ્લેટ વગરનું, કિ.રૂ.૫૦,૦૦૦/- સાથે મળી આવતા સદરહું સ્કુટરના એન્જીન, ચેચીસ નંબર પોકેટ કોપ મોબાઇલ એપ્લીકેશનથી તપાસ કરતા આ મોટર સાયકલ નિલમબાગ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે ચોરીમાં ગયેલ હોવાનું માલુમ પડતા નિલમબાગ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી માટે આરોપીને સોંપી આપતી ભાવનગર એસ.ઓ.જી.

SP Bhavnagar | sp_bhavnagar | SPBhavnagar